# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગ્રીન, ક્લીન અને પર્યાવરણપ્રિય ગુજરાતના નિર્માણ માટેનો સંકલ્પ વ્યક્ત કર્યો**
2) **જિલ્લા શિક્ષણાધિકારીઓ ગરમીનું પ્રમાણ જોઇને પ્રાથમિક શાળાના સમયમાં ફેરફાર કરી શકશે**
3) **સુરતના જૈન ઉપાશ્રયમાં શ્રાવિકા પર દુષ્કર્મ કેસમાં જૈન મુનિને 10 વર્ષની સજા અને 25 હજાર રૂપિયાનો દંડ**
4) **નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના પ્રસિધ્ધ અમલસાડી ચીકુને જીયોગ્રાફીકલ ઇન્ડિકેશન- જીઆઈ ટેગ અપાયો**
5) **44.5 ડિગ્રી સાથે ભુજ રાજ્યનું સૌથી ગરમ શહેરઃ આગામી ત્રણ દિવસમાં રાજ્યમાં મહતમ તાપમાન બે ડિગ્રી વધવાની હવામાન વિભાગની આગાહી**

---------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM EV PLANT

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે ગુજરાતને ઇલેક્ટ્રિક વાહનોનું હબ બનાવવા અનેક પગલાં ભર્યા છે. શ્રી પટેલે ગ્રીન, ક્લીન, પર્યાવરણપ્રિય ગુજરાત'ના નિર્માણ માટેનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આજે બાવળા તાલુકાના ચાંગોદર ખાતે એક કંપનીનાં નવા ઈલેક્ટ્રીક વ્હીકલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદઘાટન  કરતા મુખ્યમંત્રીએ રાજ્યમાં ઇવીને પ્રોત્સાહન આપવા લીધેલાં પગલાં અંગે જણાવ્યું

(BYTE CM EV)

# BANAS HOSPITAL RISHIKESH PATEL

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલના હસ્તે પાલનપુરની બનાસ જનરલ હોસ્પિટલમાં ૫૦ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત બ્લોક, આધુનિક ઓપરેશન થિયેટર્સ અને CT સ્કેન મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું. સાત માળની આ બિલ્ડીંગમાં પાંચ અધ્યતન ઓપરેશન થિયેટર, કાર્ડિયો સીટી સ્કેન મશીન, તમામ રોગની ઓપીડી, બ્લડ બેન્ક, વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ડેમો રૂમ સહિતની સુવિધાઓ ઉભી કરાઈ છે.

# NEW SCHOOL BALVANT SINH

કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂતનાં હસ્તે આજે સિદ્ધપુર તાલુકાના કાકોશી ગામે કાકોશી પગાર કેન્દ્ર શાળાના નવીન મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું.

રૂપિયા એક કરોડ સાઈઠ લાખના ખર્ચે નવનિર્મિત શાળાનું લોકાર્પણ કરતા શ્રી રાજપૂતે જણાવ્યું કે રાજ્ય સરકારે બજેટમાં 60 હજાર કરોડ રૂપિયાની માતબર ફાળવણી કરીને શિક્ષણને વધુ મહત્વ આપ્યું છે.

વર્ષ ૧૯૫૬માં શરૂ થયેલી આ શાળાના નવીન મકાનમાં વિદ્યાર્થીઓ માટે નવા ઓરડાઓ, કમ્પ્યૂટર લેબ, સહિતની ભૌતિક સુવિધાઓ ઉભી કરાઈ છે.

# HEAT WAVE SCHOOL GUIDELINE

પ્રાથમિક શાળાના બાળકો “હીટવેવ”નો શિકાર ન થાય તે માટે જિલ્લા શિક્ષણાધિકારી ગરમીનું પ્રમાણ જોઇને શાળાના સમયમાં ફેરફાર કરી શકશે. પ્રાથમિક વિભાગની શાળાઓ માટેની માર્ગદર્શિકા જાહેર કરતા શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું છે કે, રાજ્યનાં તમામ જિલ્લાઓના શિક્ષણ અધિકારીએ આ માટે રાજ્ય સરકાર પાસે મંજૂરી મેળવવાની રહેશે નહિ.

વિધાર્થીઓ ઉનાળાના સમયગાળા દરમિયાન મેદાનમાં રમતગમતની પ્રવૃતિઓ કરી શકશે નહિ. અને શિક્ષકોએ વિધાર્થીઓને સમયસર પાણી પીવાનું યાદ કરાવવાનું રહેશે.

# AMC QR CODE

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરની કોમર્શિયલ તેમજ રહેણાંક મિલકતોની બહાર QR કોડ સાથેની પ્રોપર્ટી પ્લેટ લગાવવા અંગેની વિચારણા હાથ ધરવામાં આવી છે. ક્યુઆર કોડ પ્રોપર્ટી પ્લેટ દ્વારા જે તે મિલકતાના માલિક ટેક્સ, સફાઈ, ફાયર સેફ્ટી, મિલકતોની કાયદેસરતા જેવા મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિભાગોની માહિતી મળશે.

આ અંગે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે શહેરમાં આવેલી મિલકતોનું GIS મેપિંગ થાય અને લોકોને તેમની પ્રાથમિક સુવિધાઓની ફરિયાદોથી લઈ અને તમામ જાણકારી મળી રહે તેના માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. પ્રથમ તબક્કામાં શહેરની તમામ મિલકતોનું ડ્રોન દ્વારા તેમજ જીઆઇએસ આધારીત મેપીંગ થશે

નાગરિકોને આ ક્યુઆરકોડને સ્કેન કરીને મ્યુનિસિપલ કોર્પોરેશનને લગતી વિવિધ સેવાઓની ફરિયાદ પણ કરી શકશે.

# CHAITRI AATHAM AND RAMNAVMI-1

આજે ચૈત્રી નવરાત્રિની આઠમ છે. રાજ્યનાં શક્તિપીઠ અંબાજી અને પાવાગઢ ઉપરાંત માતાજીનાં અન્ય પ્રસિધ્ધ મંદિરમાં સવારથી જ ભક્તો મોટી સંખ્યામાં માતાના દર્શનાર્થે આવી રહ્યા છે.

બનાસકાંઠાના અમારા પ્રતિનિધી સવજી ચૌધરી જણાવે છે કે. મંદિર પરિસર જય અંબેના નાદથી ગુંજી ઉઠ્યું છે. શક્તિપીઠ અંબાજીમાં નવરાત્રિની આઠમ ભરવાનું વિશેષ મહત્વ છે નવરાત્રિનાં પ્રથમ દિવસે વાવવામાં આવેલા જવેરાનું આજે વિસર્જન કરવામાં આવ્યું. આ અંગે અંબાજી મંદિરનાં ભટ્ટજી મહારાજે વધુ માહિતી આપી.

(BYTE: BHATTJI MAHARAJ AMBAJI)

પંચમહાલ જીલ્લાના હાલોલ તાલુકાના સુપ્રસિધ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે પણ માઇ ભક્તોમાં ભારે ઉત્સાહનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. દુર્ગાષ્ટમીના પાવન દર્શન કરી ભક્તો ધન્યતાની લાગણી અનુભવી રહ્યા છે.

પાટણ જિલ્લાના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, ચૈત્રી નવરાત્રીના ધાર્મિક પર્વની પાટણ સહિત સમગ્ર જિલ્લામાં ઉજવણી થઈ રહી છે. પાટણ ખાતે સાળવીવાડા વિસ્તારમાં આવેલા લિંબચ માતાના ધામ ખાતે પણ રાજ્યભરમાંથી ભાવિક ભક્તોએ પગપાળા યાત્રા સંઘ દ્વારા આવીને માતાજીના દર્શન કર્યા હતા.

# CHAITRI AATHAM AND RAMNAVMI-2

આવતી કાલે રામનવમીના પર્વે ભગવાન શ્રી રામની શોભાયાત્રાને અનુલક્ષીને શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે આજે પાટણ શહેર પોલીસ દ્વારા શહેરમાં ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહિસાગર જિલ્લાના અમારા પ્રતિનિધી કૌશિક જોષી જણાવે છે કે, લુણાવાડામાં રામનવમી પૂર્વે નગરપાલિકા અને પોલિસે તકેદારીનાં પગલાં રૂપે આજે શહેરમાં ફ્લેગ માર્ચ યોજી હતી અને શોભાયાત્રામાં અડચણરૂપ દબાણો તેમજ ગલ્લાઓ હટાવવા નિર્દેશ આપ્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# IMP. ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તમિલનાડુનાં રામેશ્વરમ ખાતેથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીનાં સંબોધનનું સીધું પ્રસારણ આકાશવાણી પરથી બપોરનાં એક વાગીને 25 મિનિટે પ્રસારીત થશે. આનાં કારણે બપોરનાં 1.20 થી ગુજરાતીમાં પ્રસારીત થતાં રાષ્ટ્રીય સમાચાર 1.20 થી 1.25 એમ પાંચ મિનિટનાં રહેશે.

અને બપોરનાં પ્રાદેશિક સમાચાર 2.30 ના બદલે 2.35 થી 2.40 દરમિયાન પ્રસારીત થશે. જ્યારે સમાચાર સમીક્ષા રદ રહેશે.

અગત્યની જાહેરાત પૂરી થઈ.

# MARITIME DAY

આજે ૬૨ માં રાષ્ટ્રીય વહાણવટા દિવસની ઉજવણી કરવામાં આવી. 30 માર્ચથી ૫ એપ્રિલ સુધી મર્ચન્ટ નેવી વીક પણ ઉજવવામાં આવ્યું. આ પ્રસંગે કચ્છમાં મર્કેન્ટાઈલ મરીન ડીપાર્ટમેન્ટ અને દિન દયાળ પોર્ટ ઓથોરીટી દ્વારા મરીન ફ્લેગ હોસ્ટીંગ, માસ રન-મેરિનો-વોક, યોગ સત્ર સહિતનાં વિવિધ કાર્યક્રમો યોજાયા.

૧૯૧૯માં પ્રથમ વેપારી જહાજ એસએસ લોયલ્ટીની સફરથી લઈને વૈશ્વિક શિપિંગ પાવરહાઉસ બનવા સુધી, ભારતે ૧૨ મુખ્ય બંદરો સાથે વહાણવટા ઉદ્યોગમાં શાનદાર પ્રગતિ કરી છે. પ્રસ્તુત છે અહેવાલ

(VOICE CAST: ASHARAF NATHVANI)

# SURAT - JAIN -MUNI

જૈન મુનિ શાંતિસાગરને એડિશનલ સેશનસ જજની કોર્ટે10 વર્ષની સજા અને 25 હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે. સુરતના જૈન ઉપાશ્રયમાં આઠ વર્ષ અગાઉ વડોદરાની શ્રાવિકા પર તાંત્રિક વિધિના નામે દુષ્કર્મ ગુજારનારા જૈન મુનિ શાંતિસાગરને કોર્ટે ગઈ કાલે દોષિત ઠેરવ્યા હતા.

અમારાં સુરતના પ્રતિનીધી લોપા દરબાર જણાવેછે કે આ કેસમાં સરકાર પક્ષે રાજેશ ડોબરિયા અને મૂળ ફરિયાદી તરફથી એડવોકેટ મુખત્યાર શેખે દલીલો કરી હતી. આરોપીને દોષીત સાબિત કરવા માટે પીડિતાની જુબાની, મેડિકલ પુરાવા અને 32 જેટલા સાક્ષીનાં નિવેદનો મહત્ત્વનાં સાબિત થયાં હતાં. સરકારી વકીલ નયન સુખડવાલાએ સરકાર તરફથી કડક દલીલો રજૂ કરી હતી અને મહત્તમ સજા એટલે કે આજીવન કેદની સજાની માગ કરી હતી.

# CHIKU GI TAG

નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના પ્રસિધ્ધ અમલસાડી ચીકુને જીયોગ્રાફીકલ ઇન્ડિકેશન-જીઆઈ ટેગ આપવામાં આવ્યો છે. નવસારી કૃષિ યુનિવર્સિટી, ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (GUJCOST), તેમજ વલસાડ-નવસારી ફળ અને શાકભાજી સહકારી સંઘ લિ.ના સંયુક્ત પ્રયત્નોનાં પરિણામે આ ટેગ મળ્યો છે.

GI ટેગ મેળવનાર દક્ષિણ ગુજરાતની આ પ્રથમ કૃષિ પેદાશ છે. ગણદેવી તાલુકાને વૈશ્વિક ભૌગોલિક ઓળખ આપતા આ નિર્ણય અંગે અમલસાડ વિભાગ વિવિધ કાર્યકારી સહકારી ખેડૂત મંડળી લિમિટેડના સેક્રેટરી આશિષ નાયકે વધુ માહિતી આપી.

(BYTE : ASHISH NAIK, SECRETARY)

# WEATHER

હવામાન વિભાગે આગામી ત્રણ દિવસમાં રાજ્યના મહતમ તાપમાનમાં બે ડિગ્રી જેટલો વધારો થવાની આગાહી વ્યક્ત કરી છે અને 6 તથા 7 એપ્રિલે કચ્છમાં હીટવેટ માટેનું રેડ એલર્ટ જાહેર કર્યું છે. ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં સરેરાશ મહતમ તાપમાન 40 થી 43 ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે.

આવતીકાલે રાજકોટમાં અને મોરબીમાં ઓરેન્જ એલર્ટ અને પોરબંદર,જુનાગઢ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ અને મહેસાણામાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં મહતમ તાપમાન ભુજ ખાતે 44.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના નિયામક ડોક્ટર એ કે દાસે છેલ્લાં 24 કલાકમાં મહત્તમ તાપમાન વિષની માહિતી આપી

(BYTE: DR. A K DAS)